# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-11-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM : કાનૂની સહાય વિતરણ વ્યવસ્થા : રાષ્ટ્રીય પરીષદ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં સર્વોચ્ચ અદાલત ખાતે કાનૂની સહાય વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું હતું. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ સામૂદાયિક મધ્યસ્થી તાલીમ મોડ્યુલનો પણ પ્રારંભ કર્યો હતો. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે સામાજિક ન્યાય ત્યારે જ સુનિશ્ચિત થઈ શકે છે જ્યારે દરેક વ્યક્તિ, સામાજિક કે આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, ન્યાય મેળવે. તેમણે સ્થાનિક ભાષાઓમાં કાનૂની દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

બે દિવસીય સંમેલનમાં કાનૂની સેવાઓના માળખાના મુખ્ય પાસાઓ, જેમ કે કાનૂની સહાય સંરક્ષણ સલાહ પ્રણાલી, પેનલ વકીલો, પેરાલીગલ સ્વયંસેવકો, કાયમી લોક અદાલતો અને કાનૂની સેવા સંસ્થાઓના નાણાકીય વ્યવસ્થાપન પર ચર્ચા કરવામાં આવશે.

**-----------------------------------------------------------------------------------------**

## સંસદનું શિયાળુ સત્ર

રાજ્યના સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પહેલી ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી સંસદનું શિયાળુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી છે. શ્રી રિજિજુએ કહ્યું કે સરકાર લોકશાહીને મજબૂત બનાવતા અને દેશવાસીઓની આકાંક્ષાઓને પૂર્ણ કરતા રચનાત્મક અને સકારાત્મક સત્રની રાહ જોઈ રહી છે.

---

## ગુજકેટ પરીક્ષા

રાજ્યમાં ગુજરાત સમાન પ્રવેશ પરીક્ષા એટલે કે, ગુજકેટની પરીક્ષા આગામી 29 માર્ચ 2026ના રોજ લેવાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડની સત્તાવાર યાદી મુજબ, ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી કે ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહના ગૃપ-એ, ગૃપ-બી અને ગૃપ એ-બી-ના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા સવારે 10 વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધી જિલ્લાકક્ષાના કેન્દ્ર ખાતે યોજાશે.

આ માટેના આવેદનપત્ર ઑનલાઈન ભરવાની તારીખ અને માહિતી પુસ્તિકા બૉર્ડની વૅબસાઈટ **GSEB.ORG** પર પ્રસિદ્ધ કરાશે.

---

## તમાકુ મુક્ત યુવા અભિયાન

રાજ્યના ભચાઉના ભઢ્ઢા વિસ્તારમાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે "તમાકુ મુક્ત યુવા અભિયાન 3.0" અંતર્ગત રેલી સાથે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદનો અધિનિયમ, ૨૦03 ના નિયમો વિશે માર્ગદર્શન તથા મોઢાના કેન્સર જેવા ગંભીર રોગોના જોખમો અંગે માહિતી આપવામાં આવી હતી.

યુવાનોમાં તમાકુથી થતાં નુકસાન અંગે જાગૃતિ ફેલાવવાનો અને તેમને વ્યસનમુક્ત જીવન જીવવા માટે પ્રેરિત કરવા આ કાર્યક્રમ યોજાયો હતો. અત્રે ઉલ્લેકનીય છે કે તમાકુના વ્યસનથી કેન્સર, શ્વાસની તકલીફ, જેવા વિવિધ રોગો થાય છે તથા અને દાંત, અન્નનળી, સ્વર પેટી, સ્વાદુપીંડ વગેરેને પણ અસર થાય છે. કાર્યક્રમના અંતે પરિવાર, સમાજ, રાષ્ટ્ર તમાકુ મુક્ત બને તે માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

---

## ભુજ-ધારી બસ સેવા

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ભુજ વિભાગ દ્વારા પ્રવાસી માંગણી તેમજ પ્રવાસીઓના ધસારાને અનુલક્ષીને ભુજથી ધારી વાયા રાજકોટ, ગોડલ અને બગસરાને જોડતી એ.સી. 2X2 બસ સેવા આવતીકાલે સોમવારથી શરૂ થશે.

ભુજથી ધારી બસ દરરોજ ભુજથી રાત્રે ૯ વાગ્યે ઉપડી ધારી સવારે ૬ વાગ્યે ૪૦ મિનિટે પહોંચશે તેમજ ધારીથી સાંજે ૭ વાગ્યે ઉપડી ભુજ સવારે ૪ વાગ્યે ૪૫ મિનિટે પહોંચશે..

આ  બસ ભુજથી ઉપડી વાયા અંજાર, ગાંધીધામ, મોરબી, રાજકોટ, ગોંડલ, બગસરા થી ધારી રૂટ પર ચાલશે. આ સેવાની ટિકીટ એસ.ટી. દ્વારા નિમવામાં આવેલ બુકીંગ એજન્ટ, **GSRTC Official** મોબાઈલ એપતથા નિગમની વેબસાઈટ **www.gsrtc.in** ઉપરથી પણ ઓનલાઈન ટિકિટનું બુકિંગ કરી શકશે તેવું વિભાગીય નિયામક ની એક યાદીમાં જણાવાયું છે

---

## બેટી બચાવો બેટી પઢાવો -ભચાઉ

ભચાઉના તાલુકાના  મોરગર ખાતે“બેટી બચાવો બેટી પઢાવો” યોજના અન્વયે “ઓરિએન્ટેશન એન્ડ સેન્સિટાઈઝેશન” જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ  કાર્યક્રમમાં મહિલાઓને વિવિધ મહિલાલક્ષી યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ‘૧૮૧’ અભયમ મહિલા હેલ્પલાઇન,**PBSC** સેન્ટર,કન્યા શિક્ષણ તેમજ સાયબર સેફ્ટીવિશેજાગૃતતા લાવવાના હેતુથી મહત્વપૂર્ણ માહિતી અપાઈ હતી અને મોબાઈલ ફોનનો **યોગ્ય** ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હાજર તમામ મહિલાઓ અને કિશોરીઓને મહિલાલક્ષી યોજનાઓ અંગેના ચોપાનીયા વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહિલાઓ, કિશોરીઓ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

# નેત્ર કામગીરીનું સન્માન : ગાંધીધામ

ગાંધીધામ એસપી કચેરી ખાતે કાર્યરત નેત્રમ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 402 ગંભીર ગુના ઉકેલવા ઉપરાંત 378 આરોપીઓને અટક કરાવ્યા તથા રૂ.45.85 લાખની રકમ રીકવર કરી પોતાની સારી કામગીરીને કારણે આખા રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવતાં ગાંધીનગર ખાતે રાજ્યના પોલીસવડાના હસ્તે સતત ત્રીજી વખત સન્માન મેળવ્યું છે.

---